| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૮/૦૩/૨૦૨૦ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૪૭૯/૨૦૨૦**

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## સરખેજ પોલીસ સ્ટેશન

## તા.૦૬/૦૩/૨૦૨૦ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક એકટીવા ચોરને ગણતરીના કલાકોમાં પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે HS MCR તેમજ નાસતા ફરતા આરોપીઓ ચેક કરવા તથા મિલકત સબંધી ગુન્હાઓ સોધી કાઢવા તેમજ બનતા ગુન્હાઓ અટકાવવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ વિહી.સ્કોર્ડના પ્રો,પો.સબ.ઇન્સ શ્રી એન.એસ.સાકરીયા તથા વિહીર્વે.સ્કોર્ડના માણસો તેમજ શી ટીમ માણસો તા.૦૬/૦૩/૨૦૨૦ ના રોજ સવારથી ઉપરોકત કામગીરી સારૂ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન શી ટીમ ના **લોકરક્ષક વેલાજી હેમાજી** નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે “ એક ઇસમ કે જેણે શરીરે આછા કાળા કલરનો જીન્સનો શર્ટ તથા આછા બ્લ્યુ કલરનું જીન્સ નું પેન્ટ પહેરેલ છે જે બન્ને સર્ટ-પેન્ટમાં ડિઝાઇન છે તે ઇસમ એક કાળા કલરનું એકટીવા જેનો RTO નં-GJ-01-UV-8195 નો છે તે એકટીવા લઇને કૃષ્ણનગર ચાર રસ્તા ઉપરથી જૈન દેરાસર થઇ હનુમાનજીના મંદિર બાજુ નરોડા રોડ તરફ પસાર થનાર છે અને તે એકટીવા અત્રેના કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.નં-૨૩૧/૨૦૨૦ ધી.ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબના કામે ચોરીએ ગયેલ એકટીવા છે ” જે બાતમી આધારે સદરી ઇસમને ગંગા એપાર્ટમેન્ટની આગળ ચાર રસ્તા ખાતે છુટા છવાયા ગોઠવાઇ વોચ કરતા હતા તેવામાં ઉપરોકત વર્ણન વાળો ઇસમ ઉપરોકત નંબરની એકટીવા પર પાર્થના હોસ્પીટલ બાજુથી નરોડા રોડ તરફ આવતો જણાતા જે સાથેના પંચોને દુરથી ઓળખી બતાવેલ અને તેને નજીક

આવવા દઇ ચારેય બાજુથી કોર્ડન પંચોની હાજરીમાં પકડી પાડી આરોપી પાસેથી સદર ગુન્હાનું એકટીવા નં-GJ-01-UV-8195 ની મળી આવેલ જેના આધાર પુરાવા બીલો માંગતા પોતાની પાસે ન હોય અને ગલ્લા-તલ્લા કરવા લાગેલ અને સદરીની પૂછપરછ માં આરોપીએ તા.૦૫/03/૨૦૨૦ ના રોજ વહેલી સવારના કેનેરા બેન્કની ગલી આદિશ્વર સોસાયટી ખાતે એક કાળા કલરનું એકટીવા ચાવી લગાવેલ હાલતમાં પડેલ હોય અને કોઇ કામ ધંધો ન હોય જેથી ચોરી કરવાનું મન થતા આજુ-બાજુમાં કોઇ ન જણાતા જે એકટીવા ચોરી છુપીથી ચોરી કરી લઇ ગયેલાનું જણાવેલ જે બાબતે અત્રેના પો.સ્ટે ખાત્રી કરતા કૃષ્ણનગર પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં-૨૩૧/૨૦૨૦ ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય તેમજ તેની પાસેની એકટીવાની ડેકીમાંથી બીજા ચારેક અલગ-અલગ કંપની ના મો.ફોન મળી આવેલ જે બાબતે પણ કોઇ સંતોષકારક જવાબ ન આપતા ચારેય મો.ફોન સી.આર.પી.સી.કલમ-૧૦૨ મુજઅબ કબ્જે કરી ગુન્હો ડિટેક કરી મુદ્દામાલ રિકવર કરી આરોપીને તા.૦૬/03/૨૦૨૦ ના ક.૨૧/૩૫ વાગે અટક કરી મો.ફોન બાબતે વધુ તપાસ જારી રાખી સારી કામગીરી કરેલ છે તા.૦૭/03/૨૦૨૦

**<u>આરોપીનું નામ-સરનામુ</u>**:- રવિન્દ્ર ઉર્ફે બંટી સ/ઓ પ્રવિણભાઇ જાતે પટેલ ઉ.વ.૩૧ ધંધો-મજુરી રહે.મુખીવાસ સૈજપુર ટાવર ચોરા પાસે સૈજપુર બોઘા નરોડા રોડ અમદાવાદ શહેર

**<u>આરોપીનો પુર્વ ઇતિહાસ</u>**:-

આ કામે આરોપી ધોરણ-૮ પાસ છે અને અગાઉ સરદારનગર પો.સ્ટે માં મર્ડરના ગુન્હામાં તેમજ નરોડા પો.સ્ટે મારા-મારીના ગુન્હાઓમાં પકડાયેલ છે અને આ ઉપરોકત ગુન્હામાં ચોરીની એકટીવા સાથે પકડાયેલ છે અને તેની પાસેથી બીજા ચારેક મો.ફોન આધાર પુરાવા વગરના મળી આવેલ છે

**<u>મુદ્દામાલ</u>** :- એક એકટીવા કાળા કલરનું RTO નં-GJ-01-UV-8195 નું જેનો ચે.નં-ME4JFS0AGKW128409 તથા એ.નં-JFSOEW0128407 નો જણાતો હોય જે સને ૨૦૧૯ ના મોડલનું 5G કિ.રૂ.૫૦,000/-ની મત્તાનું

તથા નં-(૧)વીવો કંપનીનો 1601 નો ગ્રે-કાળા કલરનો મો.ફોન કિ.રૂ.૫,000/- તથા નં-(૨)ઓપો કંપનીનો A 3S મોડલનો લાલ-કાળા કલરનો મો.ફોન જેની કિ.રૂ.૫,000/-તથા નં-(3)માઇક્રોમેક્સ કંપનીનો Q4204 મોડલનો સિલ્વર-કાળા કલરનો મો.ફોન જેની કિ.રૂ.3,000/- તથા નં-(૪)જીઓની કંપનીનો f103 pro મોડલનો બ્લ્યુ-કાળા કલરનો મો.ફોન જેની કિ.રૂ.3,000/- મળી કુલ્લે કિ.રૂ.૧૬,000/-ની મત્તાનો

આરોપીનો ફોટો



**સેટેલાઇટ પોલીસ સ્ટેશન :**

## ફોર વ્હીકલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી સેટેલાઈટ પોલીસ

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૭ સાહેબનાઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એન" ડીવીઝન સાહેબનાઓની સુચના મુજબ સેટેલાઈટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા વ્હીકલ ચોરીના ગુન્હાઓ તથા મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા તેમજ બનતા અટકાવવા સારુ સઘન પ્રયત્ન હાથ ધરી અનડીટેક્ટ ગુનાઓ શોધી કાઢવા તે મુજબની સુચના આધારે **સેટેલાઈટ પોલીસ સ્ટેશન ગુ.ર. નં** A-11191042200085 IPC-379 મુજબના કામે એક વોક્સવેગન કંપનીની વેન્ટોકાર ચોરી થયેલ હોય સદર ગુનો શોધી કાઢવા સારુ પોલીસ **ઈન્સપેકટરશ્રી પી.ડી. દરજી**નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ **પો.સબ.ઈન્સ. કે.ડી.રવીયા** નાઓએ ટીમો બનાવી તપાસ હાથ ધરેલ જે પૈકી સી.સી.ટી.વી. ફૂટેજ તપાસ કરતા તથા પો.કો. મેહુલભાઈ હસમુખભાઈ તથા લોકરક્ષક પરેશભાઈ નારાયણભાઈનાઓએ બનાવવાળી જગ્યાથી લઈ જમાલપુર માર્કેટ સુધીના ફુટેજ તપાસી ગુનામા વપરાયેલ મો.સા. માલિકને શોધી કાઢી અન્ય સ્ટાફ દ્વારા ફોર વ્હીલ ચોરી કરનાર આરોપીઓને ચોરીએ ગયેલ મુદામાલ સાથે પકડી લઈ ગુનાનો ભેદ ઉકેલીને સેટેલાઈટ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ દ્વારા ટીમવર્કથી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

આરોપીઓ:- (૧) સાબીરખાન અયુબખાન પઠાણ ઉ.વ.૩૦ રહે- જમાલપુર શાકમાર્કેટ ની સામે સ્મસ્શાન રોડ સંગમ ની પાસે જમાલપુર અમદાવાદ શહેર (૨) અઝહર સ/ઓ સિરાજુદ્દીન શેખ ઉ.વ.૨૦ રહે-રફીક આલમના મકાનમા, સંગમની પાસે જમાલપુર શાક માર્કેટની સામે બાવા લબલબીનગર કેલીકો મીલની પાસે, જમાલપુર અમદાવાદ શહેર

મુદામાલ:- ચોરાઈ ગયેલ ફોક્સવેગન વેન્ટો કાર તથા ગુનામા વપરાયેલ મો.સા. મળી કુલ્લે કિં રૂ.૧,૭૦,૦૦૦/- ની મતાની

કામગીરી કરનાર ટીમ:- પોલીસ. સબ. ઈન્સ. કે.ડી.રવિયા તથા હે.કો. રાઘવદાન ખેતદાન તથા પો.કો. મેહુલકુમાર હસમુખભાઇ તથા પો.કો. સિધ્ધરાજસિંહ બળદેવસિંહ તથા પો.કો નાગરાજભાઈ લાખાભાઈ તથા લોકરક્ષક પરેશભાઈ નારાયણભાઈ તથા લોકરક્ષક મથુરભાઈ બાબુભાઈ તથા લોકરક્ષક રમેશભાઇ ભુપતભાઇ તથા લોકરક્ષક મહેંદ્રસિંહ ભરતસિંહ તથા લોકરક્ષક જયદિપસિંહ દિલાવરસિંહ



# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન

## પ્રોહિ ડ્રાઈવ દરમ્યાન ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારૂના ગણનાપાત્ર જથ્થા સાથે આરોપીને પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ મહાનિર્દેશકશ્રી ગુજરાત રાજયનાઓ તરફથી રાખવામા આવેલ પ્રોહિ જુગારની ડ્રાઈવ સબંધે મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી જી-ડિવીઝન નાઓની સુચના તેમજ પોલીસ ઈન્સપેકટર શ્રી મેઘાણીનગર પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઈન્સ.તથા સ્ટાફના માણસો સાથે પોસ્ટે વિસ્તાર દારૂ-જુગારની પ્રવુતિને નેસ્ત-નાબુદ કરવા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઈન્સ.વી.એ.હરકટ નાઓની બાતમી હકિકત આધારે કરણ ઉર્ફે તોતલા મનોહરસિંહ શેખાવત ઉવ.૨૫ ધંધો.મજુરી રહે.જય ખોડિયાર નગર સાઈબાબા સોસાયટી સામે મેમ્કો બ્રીજની બાજુમા કુંભાજીની ચાલી મેઘાણીનગર અમદાવાદ શહેરવાળા ના ઘરે રેડ કરી ભારતીય બનાવટનો પરપ્રાંતિય વિદેશી દારૂનો ગેરકાદેસર અને વગર પાસ પરમીટની નાની મોટી બોટલો નંગ-૧૩૨ કિ.રૂ.૩૬,૦૦૦/-નો રાખી પકડાઈ ગયેલ હોય સદરીને આજરોજ તા.૦૭/૦૩/૨૦૦ ના કલાક ૧૯/૪૫ વાગે પકડી અટક કરી તેની વિરૂધ્ધ પાર્ટ-C ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૦૨૪૬/૨૦૨૦ ધી ગુજરાત પ્રોહી કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી) મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરેલ છે.

**કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી**

(૧)પ્રો.પો.સ.ઈ વી.એ.હરકટ (૨)મ.સ.ઇ દિનેશકુમાર મીઠાલાલ બ.નં.૭૬૧૧ (૩)મ.સ.ઈ આનંદસિંહ નાથુસિંહ બ.નં.૭૩૦૧ (૪)હે.કો અશ્વિનભાઈ મણીલાલ બ.નં.૮૭૨૦ (૫) હે.કો.ચેતનભાઈ રામુભાઈ બ.નં.૩૨૧૬(૬)એલ.આર.સુરપાલસિંહ અમરસિંહ બ.નં.૧૪૮૦ (૭)એલ.આર.જતીનભાઈ દિનેશભાઈ બ.નં.૧૨૭૯૮ (૮)એલ.આર રિતેષ નંદલાલ બ.નં.૧૧૬૪૫ (૯)એલ.આર અરુણસિંહ યશપાલસિંહ

**આરોપીઓનું નામ સરનામુ**

કરણ ઉર્ફે તોતલા મનોહરસિંહ શેખાવત ઉવ.૨૫ ધંધો.મજુરી રહે.જય ખોડિયાર નગર સાઈબાબા સોસાયટી સામે મેમ્કો બ્રીજની બાજુમા કુંભાજીની ચાલી મેઘાણીનગર અમદાવાદ શહેર



# “SHE TEAM” ની કામગીરીની વિગત

| | |
|---|---|
| કારંજ પોલીસ સ્ટેશન SHE TEAM દ્વારા કલાક ૧૧/૦૦ થી ૧૩/૩૦ સુધી સરદારબાગ ખાતે બંદોબસ્ત માં રહી કલાક ૧૬/૦૦ થી ૨૦/૦૦ સુધી એ.એમ.ટી.એસ.સ્ટેન્ડ, સી.ટી કોલેજ, રિપબ્લિક સ્કુલ, સરદારબાગ તથા વિસ્તારમાં આવેલ સિનિયર સીટીઝન ની મુલાકાત લેવામા આવી. |  |
|  |  |
| સાબરમતી પો.સ્ટે વિસ્તારમાં આજરોજ ક.17/00 થી 20/00 દરમ્યાન મોટેરા વિસ્તારમાં આવેલ ઑક્સિજન પાર્ક માં મહિલા દિવસ અનુસાંધાને કેથ ફાઉન્ડેશન સાથે સાબરમતી પો.સ્ટે.ની SHE ટીમે સેમિનારમાં હાજર રહી આશરે 250 જેટલી મહિલાઓને મહિલા હેલ્પલાઇન ૧૮૧ તથા પોલીસ હેલ્પલાઈન ૧૦૦ નંબર વિશે સમજ કરી અને ૧૮૧ એપ્લીકેશન મહિલાઓને મોબાઈલ ફોનમાં ડાઉનલોડ કરાવવામાં આવી અને મહિલા ઓની સુરક્ષા બાબતે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. |  |
|  |  |

| | |
|---|---|
| નારોલ પોલીસ સ્ટેશન SHE TEAM દ્વારા પો.સ્ટે. વિસ્તારમાં આવેલ સિનિયર સીટીઝન ની મુલાકાત લેવામા આવી. |  |
|  |  |
| રાણીપ પોલીસ સ્ટેશન SHE TEAM દ્વારા પો.સ્ટે. વિસ્તારમાં આવેલ સિનિયર સીટીઝન ની મુલાકાત લેવામા આવી. |  |
|  |  |

# પાસા અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન

## મિલ્કત સબંધી વાહન ચોરીના ચાર ગુનાઓમા પકડાયેલ એક આરોપીની પાસામા અટકાયત કરી સુરત લાજપોર મધ્યસ્થ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ મિલ્કત સબંધી વાહન ચોરીના-૪ ગુનાઓમા પકડાયેલા આરોપીનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી **સર્વેલન્સ સ્કોડ એ.એસ.આઇ પી.આર.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ** આરોપીને શોધી કાઢી પકડી પાડી આરોપી વિકાશ ઉર્ફે રાજન રામકિશોર શુકલા રહે,રાજકુમારની ચાલી જૈન મંદિરની પાસે મહાવીરનગર ગોપાલનગરની બાજુમા અમરાઇવાડી અમદાવાદ શહેરનાને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૨૫૩/૨૦૨૦ તા.૦૭/૦૩/૨૦૨૦ થી સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે તા.૦૮/૦૩/૨૦૨૦



**કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :**

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નં.(૧).કૃષ્ણનગર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૧૦૯/૨૦૧૭ ઇપીકો કલમ ૩૨૬,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ GPA ૧૩૫(૧) મુજબ (૨).કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૦૦૪૭/૨૦૨૦ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦ મુજબના શરીર સબંધે તથા ઘરફોડ ચોરી ના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૨૫૫/૨૦૨૦ તા.૦૭/૦૩/૨૦૨૦ ના હુકમ આધારે તા.૦૭/૦૩/૨૦૨૦ ના કલાકઃ૨૧/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૦૭/૦૩/૨૦૨૦

**આરોપીનું નામ :-** નરેન્દ્રસિંહ મુળસિંહ જાતે ઉમંટ (રાજપુત) ઉ.વ.૬૨ રહે.મ.નં.૨ સીતારામની ચાલી હિરાવાડી ચાર રસ્તા પાસે કૃષ્ણનગર અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

પો.સ.ઇ. વી.એમ.ગોહિલ તથા એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો. હરદીપસિંહ બલભદ્રસિંહ બ.નં.૮૯૨૮ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦

આરોપીનો ફોટો



**ખોખરા પોલીસ સ્ટેશન :**

## મિલ્કત સબંધી ગુનાઓમાં પકડાયેલ ચીખલીગર ગેંગના મુખ્ય સુત્રધાર આરોપીને પાસા હેઠળ જેલમાં ધકેલતી ખોખરા પોલીસ

પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધીક પોલીસ કમિશ્નર શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ અમદાવાદ શહેર નાઓએ સુચના આપેલ કે, મિલ્કત સબંધી ગુનાઓ સબબ પકડાયેલા ઇસમો વિરુધ્ધ પાસા જેવા અસરકારક અટકાયતી પગલા લેવા જે અનુસંધાને પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી બી.જે.ઝાલા ખોખરા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓએ મિલ્કત સબંધી ગુનાઓમાં પકડાયેલ ચીખલીગર ગેંગના મુખ્ય સુત્રધાર આરોપી જોગીન્દરસીંગ ઉર્ફે કબીરસીંગ સ/ઓ સંતોકસીંગ ચીખલીગર ઉ.વ.૪૨ રહે.ભરૂચ નવી નગરી, કસક વિસ્તાર ગુરૂદ્વારા પાસે, નવજીવન સ્કુલની પાછળ, ભરૂચ સીટી નાને પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના વિરૂધ્ધ જરૂરી પુરાવાઓ એકત્રીત કરી આરોપી વિરુધ્ધમાં પાસા દરખાસ્ત ભરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓને પાઠવતા તેઓ સાહેબશ્રીએ આરોપી વિરુધ્ધમા પાસા હુકમ ક્રમાંક નંબર પીસીબી/ડીટીએન/પાસા/૨૫૨/૨૦૨૦ તા.૦૭/૦૩/૨૦૨૦ પાસા અટકાયતનો હુકમ કરતા ખોખરા પોલીસ સ્ટેશનના પો.સબ.ઇન્સ.શ્રી આર.એન.ચુડાસમા નાઓએ સર્વે.સ્કોડના માણસો મારફતે હકીકત મેળવી આરોપીને પકડી લાવતા પાસા અટકાયતી ના હુકમ આધારે તા.૦૭/૦૩/૨૦૨૦ નાં કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાલારા ભુજ જેલમાં કેદ રહેવા સારુ જરૂરી જાપ્તા સાથે મોકલી આપેલ છે.

**ગુના નિવારણ શાખા :**

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ **તા.૭.૦૩.૨૦૨૦** નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી, શરીર સબંધી, પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરવામાં આવેલ છે.

- પ્રોહીબીશન મિલક્ત સબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૨ ઇસમો મળી **કુલ્લે ૫ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને વડોદરા , રાજકોટ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.